Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

**સફળતાની ચાવી**

કોઈની નિંદા કરવા કરતા
સુંદર કાર્યમાં જીવનને પરોવી દો.

*


પુસ્તક : ૮૬
અંક : ૪

મહા
ફેબ્રુઆરી
૧૯૮૯

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૫
વિક્રમ સંવત ૨૦૪૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મંગલ પ્રાર્થના | નારાયણ ચત્રભુજ મહેતા | ૫૩ |
| ૨ | કલિકાળ સર્વજ્ઞ ગુરૂદેવને વંદના | નારાયણ ચત્રભુજ મહેતા | ૫૪ |
| ૩ | શ્રી હેમચન્દ્રાચાર્યની સા. સાધના | શ્રી કુમારપાળ દેસાઇ | ૫૬ |
| ૪ | કલ્પવૃક્ષ | શ્રી પ્રફુલ્લ જે, સાવલા | ૬૧ |
| ૫ | શ્રી ઋષભદેવ સ્વામી | કુ. પારૂલબેન જીતેન્દ્રકુમાર | ૬૩ |
| ૬ | પ્રાકૃત સુભાષિતો | — | ૬૮ |



## –: સભાના નવા આજીવન સભ્ય :–

૧. શ્રી બાબુલાલ સી. ચોકસી ગાંધીધામ (કચ્છ)

૨. શ્રી ભરતકુમાર મહેન્દ્રભાઈ શાહ ભાવનગર

૩. શ્રી આનંદકુમાર મહેન્દ્રભાઈ શાહ ભાવનગર


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ–૪ નિયત ૮ પ્રમાણે
"શ્રી આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ–ભાવનગર.

૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ. સુતારવાડ, ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ–ભાવનગર.

૫. તંત્રીનું નામ : કાન્તિલાલ જગજીવનદાસ દોશી
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી આત્માનંદ સભા, ખારગેઇટ–ભાવનગર.

૬. સામાયિકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

આથી હું કાન્તિલાલ જગજીવનદાસ દોશી જાહેર કરૂં છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૨–'૮૯ કાન્તિલાલ જગજીવનદાસ દોશી


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] * વિ. સં. ૨૦૪૫ મહા–ફેબ્રુઆરી–૮૯ * અંક : [૪

## મંગલ પ્રાર્થના

રચયિતા : શ્રી નારાયણ ચત્રભુજ મહેતા (કચ્છ–ભીમાસાવાળા)

રાગ : જયો જયો મા જગદંબે

જય જય શ્રી નવકાર

જય જય શ્રી નવકાર એક તું આતમનો આધાર
તારે શરણે મારે લેવો ભવનો પાર – જય જય

પાંચ નામથી પૂજ્ય સકળ લોક વ્યાપ્યો
અનેક આતમ સિધ્યા નિજ અંતર સ્થાપ્યો – જય જય

પંચ વર્ણ નવકાર શ્વેત પરિણામી
મુક્તિ માર્ગ વિકાસે આતમ શિવધામી – જય જય

ભજીયે પાંચ સ્વરૂપ નિ ક્ષે પા ચા રે
મંગલ ઉત્તમ શરણું જિન શાસન તારે – જય જય

પ ર મે ષ્ઠી નવકાર અનુપમ ઉપકારી
દેવ ગુરુ આલંબન મહા મંગલ કારી – જય જય

નવ પદીયો અડશઠીયો તત્ત્વ મહી દહીયે
નમસ્કારા ના પૂજન કરી કરમો કહીએ – જય જય

મંત્ર યંત્ર ને તંત્ર ત્રણ રૂપે જાણું
લોક અલોકે ઉત્તમ ચાલે તુજ નાણું – જય જય

દેવ ગુરુ પદ પાંચે તુજ ઘરમાં સ્થાપ્યા
અદ્ભુત મંગલ મંદીર સમકિતમાં વ્યાપ્યા – જય જય

ચૌદ રાજનો સાર અ જો ડ ન મ કા રો
ચિંતન મા નારાયણ તુ જ માં ર મ ના રો – જય જય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# —: કલિકાળ સર્વજ્ઞ ગુરૂદેવને વંદના :—

રચયિતા : શ્રી નારાયણ ચત્રભુજ મહેતા–કચ્છ ભીમાસાવાળા

કલ્પતરૂ કલિકાળમાં હેમચંદ્ર સુરીરાય
અજોડ સમકિત ભાવના પૂન્ય પ્રસંગો થાય
સંતોમાં મહાસંતએ સકલ વિષયના જાણ
ત્રેસઠ જીવન જે લખ્યાં શીઘ્ર કવિનું પ્રમાણ
પૂર્ણ કવિ પરમાતમા શીઘ્ર કવિએ સંત
પ્રભાવના કરી જ્ઞાનની સ્વર્ગે ગયા ભગવંત
નવસો દીવાળી તણો વીત્યો પ્રાચીન કાળ
જ્ઞાન વહે ગુરૂદેવનું શાસન મંગળમાળ
ભાવનગર ભક્તિપુરી સમકિત ભાવ નિધાન
આત્માનંદ સભા કરે સુરીવરનું બહુમાન.

છંદ (હરીગીત)

શાસન પતિ મહાવીરજી નિર્વાણ પામ્યા જ્યારથી
આરો બન્યો છે પાંચમો તે કાળ પડતો ત્યારથી
પાપો વધ્યા પુન્યો ઘટ્યાં અવસર થયા આક્રંદના
કલિકાળમાં સર્વજ્ઞ હેમાચાર્ય ચરણે વંદના કલીકાળમાં સર્વજ્ઞ ૧

પરમાતમા સ્થાપી ગયા શાસન ભલું વીતરાગનું
આચાર્ય પદને સોંપીયું સંભાળતા તે ત્યાગનું
સંતો મહાસંતો થયા પદવી ધરો ત્રણ વંદના કલીકાળમાં સર્વજ્ઞ ૨

પરમાતમાના મારગે તે વિચરતા વિચરાવતા
ઉપદેશ જીન આણા તણો સૌ આતમાને આપતા
ગુણ ઠાણથી પગથી ચડે સાચા સમય આનંદના કલીકાળમાં સર્વજ્ઞ ૩

શાસન તણી ધુરા ધણી જીન પાટને દીપાવતા
સુરીદેવ તે ત્રીજે પદે વીતરાગ વચને ગાજતા
છત્રીશ ગુણ રત્ને ભર્યા તે સર્વ સૂરીને વંદના કલીકાળમાં સર્વજ્ઞ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપવાદ રૂપી રત્ન કોહીનુર જગમાં જાગીયો
ગત ભવ તણી સાધનામાં બાલ્યપણુથી લાગીયો
નાજુક વયમાં આપીયો શૂરવીર માને વંદના કલીકાળમાં સર્વજ્ઞ ૫

શ્લોકો રચ્યા ત્રણુ ક્રોડ લાખ પચાસ મારગ મોક્ષને।
ગ્રંથો લખ્યા નિઝ જ્ઞાનથી ઉપકાર ભાવ મહત્વને।
કાયા તજી ચાલ્યા ગયા દીપક જગાવી જ્ઞાનના કલીકાળમાં સર્વજ્ઞ ૬

તીર્થંકરો ચોવીશનાં જીવન જગત વંચાય છે.
ચૌદે સુપન ગુણુઠાણુની ત્યાં સામ્યતા સમજાય છે
કવિરાજને રવિરાજ વહાલા પુત્ર શ્રી જિણંદના કલીકાળમાં સર્વજ્ઞ ૭

ચક્રી અને બળદેવ વિષ્ણુ માંડલિક બતાવીયા
સૌના ચ્યવનમાં સ્વપ્ન સાથી જીવનને પ્રગટાવીયા
જેની કલમમાં શારદા આલાપ ભક્તિ પ્રસંગના કલીકાળમાં સર્વજ્ઞ ૮

નવસો વરસ વીતી ગયાં પણુ અમર જેનું નામ છે
અહિંસા તણો ઉપદેશ આપ્યો અમલ આજ તમામ છે
ઉમંગ આત્માનંદ સભા ગુણુ ગાય સૂરી હેમચંદ્રના
કલિકાળમા સર્વજ્ઞ હેમાચાર્ય ચરણે વંદના કલીકાળમાં સર્વજ્ઞ ૯

## —: સુ વિ ચા ર :—

જ્ઞાન ગમે તેટલું હશે, પણ વિનય નહિ હોય તો એ જ્ઞાન સુજ્ઞાન નહીં કહેવાય. વિદ્યાપંખીની વિનય અને વિવેક બે પાંખ છે.

✖ ✖ ✖

અહિંસા અને અપરિગ્રહ એ જગતના ઉદ્ધારક શ્રેષ્ઠ સિદ્ધાંતો છે. ભગવાન મહાવીર સ્વામીએ વિશ્વહિતાર્થે કરેલી પરમ દેણુગી છે.

✖ ✖ ✖

સાચી ભક્તિભાવનામાં ભક્તને માત્ર ભગવાન જ દેખાય છે. આસપાસનું માયાવી જગત એની પાસેથી અદૃશ્ય થઇ જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હેમચન્દ્રાચાર્યની સાહિત્ય સાધના

લેખક : શ્રી કુમારપાળ દેસાઈ

( ગતાંક પાના નં. ૪૮નું ચાલુ )

શબ્દશાસ્ત્ર અને કોશની રચના કર્યા બાદ કલિકાળસર્વજ્ઞની દૃષ્ટિ કાવ્યશાસ્ત્ર તરફ વળી. સંસ્કૃત અલંકારગ્રંથોની પરંપરામાં હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન'ની રચના કરી. 'કાવ્યાનુશાસન'ના મુખ્ય ત્રણ ભાગ છે. એક સૂત્ર, બીજી વ્યાખ્યા અને ત્રીજી વૃત્તિ આઠ અધ્યાયમાં લખાયેલા આ ગ્રંથમાં કુલ ૨૦૮ સૂત્રો છે. સૂત્રોની વ્યાખ્યા કરનારી ચર્ચા 'અલંકારચૂડામણિ'ને નામે મળે છે. જ્યારે એ વ્યાખ્યાને વિશેષ સ્પષ્ટ કરવા માટે 'વિવેક' નામની ઉદાહરણ સહિતની વૃત્તિ મળે છે. આ સૂત્ર, વ્યાખ્યા ને વૃત્તિ–ત્રણેના કર્તા હેમચંદ્રાચાર્ય છે. હેમચંદ્રાચાર્યે '**त्रिषष्ठि शलाकापुरूष चरित**'માં દર્શાવ્યું છે તેમ '**योगशास्त्र**' જેવા ગ્રંથો પોતાને માટે છે, જ્યારે અમુક ગ્રંથો સિદ્ધરાજને માટે છે તેમ આ ગ્રંથ '**लोक**' છે. આમાં સામાન્ય અભ્યાસીઓને કાવ્યશાસ્ત્રનો ખ્યાલ આપવાનો હેતુ રહેલો છે. આથી જ તેમણે જુદી જુદી કક્ષાઓના અભ્યાસીઓને ઉપયોગી નિવડે માટે '**सूत्र**' '**स्वोपराटीका**' તેમ જ '**विवेकचुडामणि**' નામની વિસ્તૃત ટીકા આપી છે. આ બાબત પણ તેમના હેતુને વધુ સ્પષ્ટ કરે છે.

'કાવ્યાનુશાસન'માં રાજા કુમારપાળનો ઉલ્લેખ નથી. આથી જયસિંહ સિદ્ધરાજના જીવનકાળમાં જ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' પછી 'કાવ્યાનુશાસન'ની રચના થઇ હશે. આના આઠ અધ્યાયમાં કાવ્યનું પ્રયોજન, કવિની પ્રતિભા, કાવ્યના ગુણદોષ, રસ, ભાવ અને ગુણના પ્રકારો, શબ્દાલંકાર અને અર્થાલંકાર, કાવ્ય અને નાટકનાં પ્રકારો જેવા વિષયોની છણાવટ પુરોગામી આલંકારિકોના અવતરણો સહિત કરી છે. આમાં 'અલંકારચૂડામણિ'માં ૮૦૭ અને 'વિવેક'માં ૮૨૫ એમ સમગ્ર 'કાવ્યાનુશાસન'માં ૧૬૩૨ ઉદાહરણો મળે છે. આમાં પચાસ કવિઓ અને ૮૧ ગ્રંથોનો નામોલ્લેખ કરવામાં આવ્યા છે. આ દર્શાવે છે કે કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પાસે વિશાળ ગ્રંથસંચય હતો. અને 'કાવ્યાનુશાસન'ની રચના માટે એમણે અનેક ગ્રંથોનું પરિશીલન કર્યું હતું. આનંદવર્ધન, અભિનવગુપ્ત, રૂદ્રટ, રાજશેખર મમ્મટ, ધનંજય વગેરે આલંકારિકોના ગ્રંથોના સિદ્ધાંતોની સંયોજના કરીને તેમણે 'કાવ્યાનુશાસન'ની રચના કરી છે. સર્વગ્રાહી શિક્ષાગ્રંથ બનાવવાના હેતુને લક્ષમાં રાખીને એમણે એવી કલ્પના કરી કે પહેલા વિદ્યાર્થી 'શબ્દાનુશાસન' શીખે, કોશનું જ્ઞાન મેળવે અને પછી કાવ્યરચનામાં પ્રવેશ મેળવવા માટે અલંકારગ્રંથોની કેડી પર પગ મુકે આને કારણે એમણે પૂર્વાચાર્યો કરતા અલંકારની વ્યવસ્થા જુદી રીતે કરી છે તેનો વિગતે વિચાર કરીએ,

કાલક્રમે જોતાં ભરત માત્ર ચાર જ અલંકારોને વ્યાખ્યા સાથે ઉલ્લેખ કરે છે. તે પછી 'વિષ્ણુધર્મોત્તર' પુરાણમાં બે શબ્દાલંકાર અને સોળ અર્થાલંકાર મળી કુલ અઢાર અલંકાર નજરે પડે છે. આ પછી ભટ્ટિ અને ભામહ આડત્રીસ અલંકારો રજૂ કરે છે, જ્યારે દંડી પાંત્રીસ અને ઉદ્ભટ એકતાળીસ અલંકારો બતાવે છે. વામન તેના 'કાવ્યાલંકાર' સૂત્રમાં તેત્રીસ અલંકારો આપે છે, જ્યારે ધ્વનિને કાવ્યનો આત્મા ગણતા આનંદવર્ધન અલંકારોને **हारादय:** ગણી તેનું મહત્ત્વ ઘટાડી નાખે છે. ત્યાર બાદ રુદ્રટ અઠ્ઠાવન અને મમ્મટ તો સાઠથી પણ વધુ અલંકારો આપે છે. આ પછી '**अलंकारसर्वस्व**'નો કર્તા રુય્યક પંચોતેર જેટલા અલંકારો વ્યાખ્યા અને ઉદાહરણ સાથે રજૂ કરે છે. ઇ. સ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૧૦૦માં થઈ ગયેલા રુય્યક પછી ૬૦–૭૦ વર્ષે થયેલા હેમચંદ્ર પંચોતેર અલંકારમાંથી ઓગણત્રીસ અલંકારો જ આપે છે.

આમ હેમચંદ્રાચાર્ય અલંકારના વર્ગીકરણમાં વધારે પડતો વિસ્તાર ન કરતાં વિષયને બને તેટલા સંક્ષેપમાં સમાવવા પ્રયત્ન કરે છે. તેઓ પોતે જ કહે છે, "**अनादय एवैता विधाः संक्षेपविस्तारविवक्षया नवीनवी भवन्ति, तत्तत्कर्तृकाश्चोच्यन्ते।**

હેમચંદ્રાચાર્યના અલંકારનિરૂપણ જોતાં પ્રથમ તેઓ **अनेकालङ्कार बीजभुता** ઉપમાને નિરૂપે છે. તેઓ તેમાં સાત પ્રકારો બતાવે છે. ત્યારપછી ઉપમા જેટલા સર્વવ્યાપક નહીં, પણ કવિસૃષ્ટિમાંથી નીપજેલ ઉત્પ્રેક્ષાનું નિરૂપણ કરે છે. આ પછી ઉપમા કરતાં અનુભૂતિની વધુ ઉત્કટાતા ધરાવતા રૂપક અલંકારની વાત કરે છે. આમાં તેઓ એક વિષયરૂપક અને અનેકવિષયરૂપક જેવા પ્રકારો ઉદાહરણ સહિત સમજાવી આહાર્યાવયવ અને ઉભયાવયવનો અસ્વીકાર કરે છે, જ્યારે નિદર્શના અલંકારમાં પ્રતિવસ્તૂપમાં, દૃષ્ટાંત જેવા અલંકારોને સ્થાન આપવાની સાથે મમ્મટની પદાર્થગા નિદર્શનાને ભૂલી જ જાય છે! વળી તેને અતિશયોક્તિમાં સ્થાન આપી ભારે ગોટાળો પેદા કરે છે. દીપક અલંકારમાં તેઓ તુલ્યયોગિતા, અન્યોન્ય અને માલાદીપકનો સ્વીકાર કરે છે, પણ કારકદીપકનો અસ્વીકાર કરે છે. જ્યારે પર્યાયોક્તિ અલંકારની હેમચંદ્રે આપેલી વ્યાખ્યા ઘણી જ કિલષ્ટ અને અર્થસંદિગ્ધતા જન્માવે તેવી છે, જે રસગંગાધરકાર ઘણી જ સરળ અને સુંદર રીતે આપે છે. અતિશયોક્તિમાં તેઓ ઘણા અલંકારોને તેનાં અંગ બનાવી તેનું ઘણું જ સંક્ષેપમાં નિરૂપણ કરે છે. આ માટે તેઓ 'વિવેક'માં કારણો આપે છે, પણ તે બધાંને આપણે સ્વીકારી શકતા નથી. આક્ષેપ અલંકારમાં બહુ ઉપપ્રકારોમાં ન પડતાં તેઓ સાદી વ્યાખ્યા જ આપે છે, જ્યારે સહોક્તિ જેવા અલંકારને સ્વતંત્ર સ્થાન આપવામાં તેમની સૌંદર્યદૃષ્ટિ દેખાય છે.

જૂના સમયથી સંસ્કૃત કવિઓને આકર્ષતા સમાસોક્તિ અલંકાર સાથેના શ્લેષના સંબંધની સુંદર અને વાજબી ચર્ચા તેઓ 'વિવેક'માં કરે છે. ત્યારપછી આવતા વ્યતિરેક અલંકારમાં વિશ્વનાથની જેમ અડતાલીસ કે મમ્મટની જેમ ચોવીસ પ્રકારો હેમચંદ્ર આપતા નથી. આવા પ્રભેદોનો વિસ્તાર કરવો પોતાના હેતુ માટે યોગ્ય ન લાગવાથી તેઓ માત્ર આઠ જ ભેદ આપે છે, જે ઉચિત છે. અર્થાન્તરન્યાસ અલંકારના નિરૂપણમાં તેમની મૌલિકતા તેમ જ ઔચિત્યદૃષ્ટિ દેખાઇ આવે છે, જ્યારે રમણીય એવા સસન્દેહ અલંકારની હેમચંદ્રાચાર્યે આપેલી વ્યાખ્યા 'રસગંગાધર'કાર જગન્નાથે આપી છે તેવી રમણીય તો નથી, પરંતુ તેમાં સાદાઇ અને નવીનતા તો છે જ. આ પછી અપહ્નુતિ અલંકારમાં તેઓ વ્યાજોક્તિ અલંકારને સમાવી લે છે; તેને જુદું સ્થાન આપ્યું હોત તો યોગ્ય લેખાત. તેવી જ રીતે પર્યાય અને પરિવૃત્તિ બંનેને પરિવૃત્તિ નામના એક જ અલંકારમાં સમાવી લે છે, તેમાં પણ બહુ ઔચિત્ય દેખાતું નથી. વળી અહીં આ અલંકારને સમાવવાના ઔચિત્યને સિદ્ધ કરવા જરા સરખો પ્રયાસ પણ નથી કરતા. કદાચ તેઓ સંક્ષિપ્તતાના આગ્રહને વશ થઇને જ આમ કરતા હોય. આથી કંઇક ઔચિત્યભંગ થવા છતાં પોતાનું નિરૂપણ સરળ બનાવવાનો તેમનો યત્ન છે. વળી સૌંદર્યદૃષ્ટિએ ધ્યાનપાત્ર એવા સૂક્ષ્મ અલંકારનો તેઓ અનુમાનાલંકારમાં સમાવેશ કરી દે છે. વળી હેમચંદ્રાચાર્ય ઉક્તિવૈચિત્ર્ય મુજબ વિવિધ અલંકાર ભેદોના પ્રપંચમાં પડવા નથી ચાહતા. અને તેથી જ વિરોધ અલંકારમાં આઠ જેટલા અલંકારો મૂકી તેમણે સંક્ષેપ સાધ્યો છે. વળી છેલ્લા અલંકારોમાં તો 'વિવેક'માં પણ તેઓ વિશદ ચર્ચા કરવાને બદલે ઝડપથી પ્રચલિત અલંકારો સમજાવતા જાય છે. અહીં તેઓ માત્ર જૂની પરંપરાને વળગીને અભ્યાસીઓને વધુ ને વધુ અલંકારોનો ખ્યાલ આપતાં જણાય છે.

અલંકારવિવેચનમાં હેમચંદ્રાચાર્યનો હેતુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિક્-માત્રનો નિર્દેશ કરવાનો જણાય છે. અહીં તેઓ અલંકારના વિવેચનનો વર્ગીકરણના ખોટા વિસ્તારમાંથી બચાવ કરવા પ્રયાસ કરતા હોય તેમ દેખાય છે. તે કેવળ સિદ્ધાંત અને આવશ્યક તત્ત્વોની જ ચર્ચા કરે છે આ માટે જ તેઓ અલંકારના હાર્દભૂત મળતાપણા અને નજીકપણાને ધ્યાનમાં લઇને તે બધાને એક અલંકારના ભાગ તરીકે નિરૂપે છે અને બહુ બહુ તો તેને એક પેટાભેદ ગણવા જેટલી વિશેષતા આપે છે. આમ કરવામાં વધુ પડતો સંક્ષેપ થઇ જવાનો, કેટલાંક અલંકારોની મહત્ત્વની વિલક્ષણતાને અનુચિત ગૌણત્વ આપી દેવાનો, એક અલંકાર નીચે આપેલા ઉદાહરણોમાં ભિન્નતા જણાવવાનો અથવા તો અલંકારની વ્યાખ્યા વધુ પડતી સામાન્ય બની જવાનો દોષ સેવવાનો ભય રહે છે. આથી તેમનું વર્ગીકરણ સંપૂર્ણપણે સ્વીકાર્ય તો ન જ બની શકે.

અનેક અલંકારોને એક અલંકારમાં સમાવવાની બાબતમાં પોતાની રુચી અને અમુક પ્રકારની વ્યક્તિગત દૃષ્ટિને હેમચંદ્રાચાર્ય અનુસરે છે, પણ આથી તેઓ પૂર્વાચાર્યોનો અનાદર કરે છે તેવું નથી. તેઓ તો તેમની '**विवेकचुडामणि**' નામની વિસ્તૃત ટીકામાં પૂર્વાચાર્યોના ઋણનો વારંવાર સ્વીકાર કરતા જણાય છે. વળી તેઓ આ ટીકામાં પોતાના સંક્ષેપને સમજાવવા પણ પ્રયત્ન કરે છે. આમ અન્ય આલંકરિકોની કોઇ પણ ટીકા કર્યા વિના પોતાની અમુક પ્રકારની રુચિ તેમજ વ્યક્તિગત દૃષ્ટિ પ્રમાણે અલંકારોનું વર્ગીકરણ કરતા હેમચંદ્રાચાર્યની પ્રશંસા કરી શકીએ તેમ છીએ.

આમાં હેમચંદ્રાચાર્યનો હેતુ અલંકારના વર્ગીકરણની પદ્ધિતમાં સૌંદર્યદૃષ્ટિએ યા અન્ય પ્રકારે નવી વ્યવસ્થા આણવાનો નથી, તેમ જ તેવો તેમનો દાવો પણ નથી. તેઓ તો પોતાના વિશિષ્ટ સમાજ માટે પૂર્વવિદ્યાઓને વિશદ રીતે રજૂ કરતો ગ્રંથ તૈયાર કરવા માગે છે અને એમાં કયારેક ગૌણપણે એમની પ્રતિભાનું દર્શન થાય છે ખરું.

હેમચંદ્રાચાર્યની વિશિષ્ટ કૃતિ છે સંસ્કૃત અને પ્રાકૃત 'દ્વયાશ્રય' સોલંકીયુગની સંસ્કારિતાને શબ્દબદ્ધ કરતી ગુજરાતની પહેલી અને શ્રેષ્ઠ ગણાય તેવી ઐતિહાસિક કાવ્યકૃતિ 'શબ્દાનુશાસન'નાં સૂત્રોનાં દૃષ્ટાંતો આપવા માટે ચૌલુકય વંશની કથાને તેમણે વિષયવસ્તુ તરીકે રાખીને 'દ્વયાશ્રય' કાવ્યની રચના કરી. વ્યાકરણ અને ઇતિહાસ એમાંથી એકસાથે સહજપણે સિદ્ધ થાય છે તેથી 'દ્વયાશ્રય' મહાકાવ્ય તરીકે ઓળખાય છે. મહાકાવ્યમાં મળે એવાં ઋતુવર્ણન, રસવર્ણન અને સૃષ્ટિવર્ણન ઉપરાંત નગર, પ્રભાત, યુદ્ધ, યાત્રા નદી, રાત્રિ, પર્વત કે વિવાહનાં વર્ણનો પણ મળે છે.

'દ્વયાશ્રય' 'ભટ્ટિકાવ્યય'નું સ્મરણ કરાવે છે. પાણિનિના વ્યાકરણના નિયમોના ઉદાહરણરૂપે રામાયણની કથા લઇને ભટ્ટિ કવિએ રચના કરી એ જ રીતે 'સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન'ના વ્યાકરણના નિયમોનાં ઉદાહરણ આપવા માટે મૂળરાજ સોલંકીથી કુમારપાળના સમય સુધીના ઇતિહાસને કથાવસ્તુ તરીકે લઈને હેમચંદ્રાચાર્યે 'દ્વયાશ્રય'ની રચના કરી. ચૌલુકય વંશનું આલેખન થયું હોવાથી ઐતિહાસિક દૃષ્ટિએ આ કૃતિનું ઘણું મોટું મૂલ્ય છે અને તેથી આ કૃતિ 'ચૌલુકયવંશોત્કીર્તન' નામ પણ ધરાવે છે. એ યુગની સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિનું માર્મિક પ્રતિબિંબ આ કાવ્યકૃતિમાં ઝિલાયું છે. સંસ્કૃત 'દ્વયાશ્રય'ના ૧૪માં સર્ગ સુધીનો ભાગ જયસિંહ સિદ્ધરાજના જીવનકાળ સુધીમાં (અર્થાત્ વિ. સં. ૧૧૯૯માં) પૂર્ણ કર્યો હશે એમ માની શકાય. જ્યારે કુમારપાળના ચરિત્રને આલેખતું પ્રાકૃત 'દ્વયાશ્રય' એક સ્વતંત્ર પ્રાકૃત મહાકાવ્ય ગણાયું છે.

વ્યાકરણની વિશિષ્ટતા દર્શાવવા માટે રચવામાં આવેલા સંસ્કૃત 'દ્વયાશ્રય'ના શ્લોકોમાં સિદ્ધરાજના પરાક્રમોનું કાવ્યમય વર્ણન મળે છે. પરંતુ કયારેક વ્યાકરણ સાથે ઇતિહાસ કે કવિત્વનો મેળ બેસતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્ય એ ગુજરાતની અસ્મિતાનું તેજસ્વી કાવ્ય છે. મહાકવિ કાલિદાસે રઘુવંશમાં રઘુકુળની કીર્તિને અક્ષરઅમર કરી દીધી તો સંસ્કૃત અને પ્રાકૃત 'દ્વયાશ્રય'માં હેમચંદ્રાચાર્યે ચૌલુક્યવંશની કીર્તિને અક્ષરદેહ આપ્યો. ગુજરાતી ભાષા, ગુજરાતી સંસ્કારિતા અને ગુજરાતી અસ્મિતાનો આહ્લાદક ત્રિવેણીસંગમ આ કૃતિએ રચી આપ્યો. ગુજરાતની રમણીઓ, યોદ્ધાઓ, ઉત્સવો, મેદાનનું શૌર્ય અને દરિયાનું સાહસ–એ બધું દર્શાવીને હેમચંદ્રાચાર્ય ધૂમકેતુના શબ્દોમાં કહીએ તો "પ્રજાને મહાન થવાની જાણે હંમેશાં દીક્ષા આપી રહ્યા હોય તેમ લાગે છે."૨૦

કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પોતાની કલ્પનાથી સર્જેલું એક મહાન ગુજરાત 'દ્વયાશ્રય'માં પ્રગટ થાય છે. ગુજરાતની સમૃદ્ધિ, વીરતા, સંસ્કારિતા અને વિશિષ્ટતાની ગુણગાથા ગાઈને આ સ્વપ્નદ્રષ્ટા આવતીકાલના ગુજરાતની ઝાંખી આપે છે. તેમાં હેમચંદ્રાચાર્યનું ગુજરાતી તરીકેનું ગૌરવ, અન્ય ધર્મો પ્રતિ ઔદાર્ય અને સાહિત્યાચાર્યની ઉચ્ચાશયી ભાવના પદે પદે પ્રગટ થાય છે. એક સાચા ઇતિહાસકારને છાજે તે રીતે પાયા, પુરાવા કે આધાર વિનાની ઘટનાઓને ત્યજીને માત્ર ઐતિહાસિક પ્રસંગોનું આકલન કર્યું છે. એમણે ચૌલુક્યવંશનું યશોગાન કર્યું છે, પરંતુ ઐતિહાસિકતાની ભૂમિ ઓળંગીને નહીં, અથવા તો અતિશયોક્તિમાં સરી જઇને નહિ. કોઈ પણ પ્રસંગ કલ્પિત રીતે સર્જ્યો નથી કે કોઇ પણ કંઠોપકંઠ જળવાયેલી વાતને યોગ્ય સંશોધન વિના સ્વીકારી નથી. કળિકાળસર્વજ્ઞની સંપ્રદાયાતીત પ્રતિભા 'દ્વયાશ્રય'માં ખીલી ઊઠી છે, આમાં વૈદિક સાહિત્ય, જુદાં જુદાં પુરાણો, પૌરાણિક આખ્યાયિકાઓ અને અન્ય ધર્મશાસ્ત્રોના ઉદાહરણો મળે છે. યજ્ઞ અને દેવતાઓનો પણ એમને સારો એવો પરિચય છે. આ બાબતો એમની બહુશ્રુતતા અને વ્યાપક દૃષ્ટિનું દ્યોતક ગણાય.

સંસ્કૃત 'દ્વયાશ્રય' માં કવિતાની અપેક્ષાએ ઇતિહાસનું પ્રાધાન્ય જોવા મળે છે. તો પ્રાકૃત 'દ્વયાશ્રય'માં કાવ્યતત્ત્વનું પ્રાધાન્ય જોવા મળે છે. 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'માં સાત અધ્યાયમાં સંસ્કૃત 'દ્વયાશ્રય'ની રચના થઈ, તો આઠમા અધ્યાયમાં આપેલા પ્રાકૃત ભાષાના વ્યાકરણના નિયમોના દૃષ્ટાંતરૂપે 'પ્રાકૃત દ્વયાશ્રય' મહાકાવ્યની રચના થઇ. રાજા કુમારપાળના જીવનની કેટલીક ઘટનાઓ આલંબન તરીકે લેવામાં આવી હોવાથી આ કૃતિને **'कुमारपालचरित'** કહેવામાં આવે છે. આઠ સર્ગ ધરાવતી આ કૃતિના પ્રથમ છ સર્ગમાં મહારાષ્ટ્રીય પ્રાકૃતનાં ઉદાહરણો અને નિયમો દર્શાવ્યાં છે. બાકીના બે સર્ગોમાં શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશ ભાષાનાં ઉદાહરણ મળે છે. આઠ સર્ગની આશરે ૭૪૭ ગાથામાં અણહિલપુરપાટણ, જિનપ્રતિમા, કુમારપાળના વિજયો, જૈનધર્મના સિદ્ધાંતોની ગવેષણા તથા શ્રુતદેવીનો કુમારપાળને અપાયેલો ઉપદેશ આલેખવામાં આવ્યો છે. શ્રુતદેવીનો ઉપદેશ જે રીતે કૃતિમાં વણી લેવાયો છે તેનાથી કૃતિની કાવ્યમયતા મહોરી ઊઠી છે. તેમાં શાંત, શૃંગાર અને વીરરસનું મનભર આલેખન મળે છે. વીરરસનું પ્રાધાન્ય હોવા છતાં અન્ય રસોંનો તેની સાથે સુભગ સમન્વય સધાયો છે. ભાષાનું સ્વાભાવિક માધુર્ય અને વર્ણોની ચિત્રાત્મકતા કાવ્યરસિકના હૃદયને સ્પર્શી જાય છે. વળી આમાં કવિએ ઉપમા, ઉત્પ્રેક્ષા, દીપક, દૃષ્ટાંત, રૂપક અને અતિશયોક્તિ જેવા અલંકારોની સુંદર યોજના કરી છે. આ બધું જોઇને જ 'પ્રાકૃત દ્વયાશ્રય'ના ટીકાકાર પૂર્ણકલશગણિ આરંભે જ બોલી ઊઠે છે—

'यः प्राकृतव्याकरणं नु शब्दैः
साहित्यसर्वस्वमिवार्थभङ्ग्या ।
स द्वयाश्रयः काव्यमनल्पबुद्धि-
ज्ञेयः कथं मादृशा एष गम्यः ॥'

'શબ્દોએ કરીને જે પ્રાકૃત વ્યાકરણ છે; અને અર્થની દૃષ્ટિએ જે સંપૂર્ણ સાહિત્યરૂપ છે–તે બહુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિવાળાઓથી સમજાય તેવું દ્વયાશ્રયકાવ્ય મારા જેવાને ક્યાથી સમજાય?'

આ બંને મહાકાવ્યમાં પરંપરાનુસારી સુંદર વર્ણનો અને અલંકાર યોજના જોવા મળે છે. પરંતુ બંનેમાં સંસ્કૃત મહાકાવ્યમાં અપેક્ષિત નાયકના સર્વાંગી ચરિત્રનિરૂપણની શરત આ કૃતિ સંતોષે છે એમ ભાગ્યે જ કહી શકાય. ગુજરાતની અસ્મિતા, તેજસ્વિતા અને સત્ત્વશીલતા માટે આ કાવ્યનું કથાવસ્તુ ચિરસ્મરણીય રહેશે. આપણે માટે દુર્ભાગ્યની બાબત એ છે કે 'સંસ્કૃતદ્વયાશ્રય' મહાકાવ્યનું સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કરેલું ભાષાંતર આજે અપ્રાપ્ય છે અને 'પ્રાકૃતદ્વયાશ્રય'નું ગુજરાતી ભાષાંતર હજી સુધી થયું નથી.

'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર' એટલે ત્રેસઠ શલાકાપુરુષોના ચરિત્ર. ભગવાન ઋષભદેવથી માંડીને મહાવીર સ્વામી સુધીના ચોવીસ તીર્થંકર, ભરત, સગર, સનતકુમાર, સુભૂમ, હરિષેણ જેવા બાર ચક્રવર્તી, કૃષ્ણ, ત્રિપૃષ્ઠ, સ્વયંભૂ, દત્ત, નારાયણ વગેરે નવ વાસુદેવ, અચલ, વિજય, સુદર્શન, આનંદ, રામ અને નંદન વગેરે નવ બળદેવ, રાવણ, પ્રહ્લાદ જરાસંઘ, બલિ વગેરે નવ પ્રતિ વાસુદેવ એમ કુલ ત્રેસઠ શલાકાપુરુષોનાં ચરિત્રો આ કાવ્યગ્રંથમાં આલેખાયાં છે જે મહાપુરુષોના મોક્ષ વિશે હવે સંદેહ નથી એવા પ્રભાવક પુરુષોને શલાકાપુરુષ તરીકે ઓળખવામાં આવે છે. કુમારપાળ મહારાજાની વિનંતી સ્વીકારીને મહાભારત અને પુરાણોની બરાબરી કરી શકે તેવો ૩૬,૦૦૦થી વધુ શ્લોકમાં લખાયેલો આ કાવ્યગ્રંથ છે. આ કાવ્યગ્રંથની રચના અનુષ્ટુપ છંદમાં દસ પર્વોમાં કરવામાં આવી છે. પ્રથમ પર્વમાં ઋષભદેવ તીર્થંકર અને ભરત ચક્રવર્તીનું જીવન વર્ણવાયું છે અને છેલ્લા દસમાં પર્વમાં મહાવીર સ્વામીનું ચરિત્ર વિગતે નિરૂપાયું છે. વિશાળ સાગર જેવા આ ગ્રંથમાં મહાપુરુષોનાં ચરિત્રો ઉપરાંત બીજી અનેક નાની-મોટી પૌરાણિક આખ્યાયિકાઓ છે. ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન, ધાર્મિક અને સામાજિક ઉત્સવો, રીતરિવાજો, દેશસ્થિતિ, લોકોની રીતભાત અને ગુજરાતની પરિસ્થિતિ વગેરેનું તાદૃશ નિરૂપણ થયું છે. શ્રી મોતીચંદ કાપડિયાએ નોંધ્યું છે કે આ ગ્રંથ સાદ્યંત વાંચવામાં આવે તો સંસ્કૃત ભાષાના આખા કોશનો અભ્યાસ થઇ જાય તેવી એની રચયિતાએ ગોઠવણ કરી છે.[૨૧] 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર' એટલે જૈન કથાનકો, ઇતિહાસ, પૌરાણિક કથાઓ, જૈન સંપ્રદાયના સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાનનો સર્વસંગ્રહ. 'દ્વયાશ્રય' કરતાં આ ગ્રંથમાં રચયિતાએ વૈવિધ્ય સાધ્યું છે અને આની રચના ઉત્તરાવસ્થામાં થઇ હોવાથી એક પ્રકારની પ્રૌઢતા પણ તેમાં જોવા મળે છે. આની પ્રશસ્તિમાં મહારાજા કુમારપાળે શ્રી હેમચંદ્રસૂરિને નીચે પ્રમાણે વિનંતી કરી.

"પૂર્વે મારા પૂર્વજ સિદ્ધરાજની ભક્તિયુક્ત યાચનાથી આપે વૃત્તિથી યુક્ત એવું સાંગ વ્યાકરણ રચેલું છે, તેમજ મારે માટે નિર્મળ યોગશાસ્ત્ર રચેલું છે અને લોકોને માટે દ્વયાશ્રયકાવ્ય, છંદોનુશાસન, કાવ્યાનુશાસન અને નામસંગ્રહ પ્રમુખ બીજાં શાસ્ત્રો પણ રચેલાં છે. હે સ્વામી, જો કે તમે સ્વયમેવ લોકોના ઉપર ઉપકાર કરવાને અર્થે સજ્જ થયા છો, તથાપિ મારી પ્રાર્થના છે કે મારા જેવા મનુષ્યોને પ્રતિબોધ થવાને માટે આપ ત્રિષષ્ઠિશલાકાપુરુષોનાં ચરિતને પ્રકાશ કરો."[૨૨]

(ક્રમશઃ)

# સંદર્ભસૂચિ

(૨૦) 'શ્રી હેમચંદ્રાચાર્ય', લે. ધુમકેતુ, તૃતીય આવૃત્તિ, પૃ. ૬૯

(૨૧) 'હેમચંદ્રાચાર્યની કૃતિઓ' લે. મોતીચંદ ગિ. કાપડિયા, 'પ્રસ્થાન' વૈશાખ ૧૯૯૫, પૃ. ૫૪.

(૨૨) 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત', પર્વ ૧૦, અંત્ય. પ્રશસ્તિ શ્લોક ૧૮-૧૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલ્પવૃક્ષ

લે. પ્રફુલ્લ જે. સાવલા–મેરાઉ કચ્છ

કવિની એ કાવ્યકડી મનમાં ઘૂમી રહી હતી.

'કલ્પવૃક્ષ નીચે બેઠા રે, કમીના શાની ?'

કલ્પવૃક્ષની યાદ આવતાં મન પ્રફુલ્લ પ્રફુલ્લ થઇ ગયું. 'સત્યયુગ' જેવું એક જ કલ્પવૃક્ષ અત્યારે ભારતમાં હોય તો ભારતની આ દીન–હીન દશા પલટાઇ જાય. ચારે બાજુ સુખસમૃદ્ધિ છલકાવા માંડે, સર્વત્ર સુખનો સમીર વહેવા માંડે. બસ જરૂર છે એક જ કલ્પવૃક્ષની.

સત્યયુગનું એ કલ્પવૃક્ષ. એની પાંચ તો શાખા. ઇચ્છા કરો એટલે ઇચ્છિત વસ્તુઓ હાજર જ હોય. આમફળ ઇચ્છો તો આમફળ, સુખવૈભવનાં જે સાધનોની ઇચ્છા કરો એ ઘડીના છઠ્ઠા ભાગમાં હાજર થઈ જાય.

'પ્રભુ! પ્રભુ! એક જ કલ્પવૃક્ષ દે ?' મારૂં રોમેરોમ પ્રભુને પ્રાર્થી રહ્યું.

આ ઝંખનામાં આંખ મળી ગઇ; દિવસની ઝંખનાઓ સ્વપ્નામાં સાકાર થવા લાગી. પાંચ શાખાવાળું એક સુંદર કલ્પવૃક્ષ જોયું. મન આનંદી ઉઠ્યું. ઇચ્છિત વસ્તુઓ પ્રાપ્ત થવા લાગી. મેં પ્રભુને કહ્યુઃ પ્રભુ! આવું જ એક કલ્પવૃક્ષ ....'

'અરે ગાંડા! મેં તમને કલ્પવૃક્ષથી ક્યાં વંચિત રાખ્યા છે ?'

'ક્યાં છે પ્રભુ! ભારતમાં તો આજે એક પણ કલ્પવૃક્ષ નથી. એકાદ પણ કલ્પવૃક્ષ હોત તો....'

પ્રભુ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા: 'અરે! તું કાંઈ ન સમજ્યો! કલ્પવૃક્ષની તો તારી કલ્પના જ છે. કલ્પવૃક્ષ નહીં પણ કરવૃક્ષ. મેં દરેક માનવીને કરવૃક્ષ આપેલ છે. એ કરવૃક્ષ પાસે જે ઇચ્છો તે મળે. કલ્પવૃક્ષને પાંચ શાખા એમ હાથને પણ પાંચ આંગળાં છે કે નહીં ? માનવને જે કાંઇ સુખસમૃદ્ધિ પ્રાપ્ત છે, એ આ પાંચ આંગળમાંથી. સાચું માનો તો ભારતમાં એક નહીં પાંસઠ કરોડ કલ્પવૃક્ષ છે. આટલાં બધાં કલ્પવૃક્ષો આપ્યાં છતાં ય તમે દીન–હીન રહો એમાં મારો દોષ શો ?

પ્રભુની પ્રેરકવાણી સાંભળીને સંતનું મસ્તક શરમથી ઝુકી ગયું. સ્વપ્નું વેરવિખેર થયું. આંખો ખુલ્લી ગઇ.

ખરેખર આજે આપણે દીન–હીન દશા ભોગવી રહ્યાં છીએ. દર વરસે પરદેશો પાસેથી આપણે અનાજની, વસ્ત્રોની, વસ્તુઓની, મદદની ભીખ માંગી રહ્યા છીએ–શા માટે ? શું આપણી પાસે આ બધી વસ્તુઓની કમીના છે ? સિનેમાનું પહેલું લોકપ્રિય ગીત જે ગામડાની ગલીએ ગલીમાં ગવાતું સાંભળીએ છીએ તે શું દર્શાવે છે ? 'ઇસ દેશકી ધરતી સોના–ઉગલે, ઉગલે હીરે મોતી.'

જે દેશની ધરતીમાં અખૂટ સમૃદ્ધિ પડી હોય તેને બીજા દેશો પાસે હાથ લંબાવવાનો હોય ખરો ? આપણા દેશમાં 'ફળદ્રપ જમીન છે, નદીઓમાં ભરપૂર પાણી છે, ખનીજોથી ખદબદતા ખડકો છે, અને જોઈએ તેટલી માનવશક્તિ છે. છતાંય દીન-હીન દશા કેમ ભોગવીએ છીએ ?'

દીન–હીન દશાનું કારણ એક જ છે. આપણે આપણા હાથ પાસેથી જોઇતું કામ નથી લેતાં. કહેવતમાં કહ્યું છે કે ઝાઝા હાથ રળિયામણાં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારતનો પ્રત્યેક નાગરિક નવરો બેસી રહેવાને કંઈને કંઇ કામ કરવા માંડે તો થોડા જ સમયમાં રાષ્ટ્રની રોનક બદલાઇ જાય.

એક મહાપુરૂષનું વચન છે, 'જે વ્યક્તિ કોઇને કોઇ ઉપયોગી-કામધંધામાં મંડયો રહે છે તેને સુખસંપત્તિ શોધતી આવે છે. કોરોલાઇનપેટે'સે પોતાની વિવાહિત દીકરીને શીખામણ આપતાં કહ્યું કે, 'દિકરી ગમે તે કામ પાછળ મંડી રહેજે. ખોટાં માનમોટાઈને ત્યાગીને પણ ઘરકામ કરતી રહે છે. ઘર તો સ્ત્રીનું જ છે. અને તે પોતાના કામથી દીપાવી શકે, તારા દાદા ઘણી વાર કહેતા, 'આળસ એ નાનામોટા સૌને શેતાનના ફાંસામાં ફસાવે છે, એ વાત તું ભૂલતી નહીં.

આજે "Work is worship" ને બદલે કામચોરી દરેક ક્ષેત્રમાં પ્રવેશી ચૂકી છે. થોડા સમય પહેલાંનો પ્રસંગ યાદ કરવા જેવું છે. શેઠે એક નોકરને પોસ્ટ ઓફિસે પોસ્ટકાર્ડ લેવા મોકલ્યો જે કામ દશ મિનિટમાં પતે એમ હતું તેને પોણો કલાક થઇ ગયો. જ્યારે નોકર પોસ્ટકાર્ડ લઈને આવ્યો એટલે શેઠે પૂછ્યું :

કેમ ભાઈ! આટલી બધી વાર કેમ થઇ ?

શું કરૂં સાહેબ ! આ પોસ્ટ ખાતાના માણસોથી તો ભાઇસા'બ તોબા. એમના કામ કરવાનાં ઢંગ જ નિરાલા છે. એક ગ્રાહકને પતાવતાં પતાવતાં દશ મિનિટ કરે છે. પંદર પૈસાનું પોસ્ટકાર્ડ હાથમાં લે છે. એક ને બદલે બે નથી જતાંને એ જોવા બે-ત્રણ વાર મસળે છે. આમ બે ત્રણ ગ્રાહકોને પતાવીને ભાઇસાહેબનું મગજ કંટાળી જાય છે. એટલે મગજ ફ્રેશ કરવાના બહાને સિગારેટ સળગાવે છે. આમ કામ એટલું ગોકળગાયની ગતિએ ચાલે છે કે જેથી આપણને કંટાળો આવી જાય. આમ જેમ તેમ જાણે આઠ કલાક જ પૂરા કરવાનાં ન હોય! સૌને પગારથી જ મતલબ આમ કામનું મૂલ્યાંકન સમય ઉપર નહીં પરંતુ કામ ઉપર તેમજ વેચાણ ઉપર જ થવું જોઈએ. પછી જુઓ કામની ઝડપ. આવું કરવા કે કહેવા જતાં તરત જ હડતાલ પાડવાની ધમકી મળે, સરઘસો નીકળે અને ઇમારતોને કે જાહેર મિલ્કતો આગ લગાડી નુકશાન પહોંચાડવાની ધમકીઓ મળે. એક બે કે ચાર આઠને કામચોરોને પહોંચાય, પરંતુ આખા દેશમાં દરેક ખાતાઓમાં પછી ભલેને તે સરકારી હોય કે ખાનગી દરેક સ્થાને આવા કામચોરો ઉધઈની જેમ દેશના અર્થતંત્રને કોરી ખાતા હોય છે, ઓછું કામ ને વધુ દાનની વૃત્તિ આપણા સૌને ભારે પડશે.

નાનકડું એવું જાપાન આજે સમૃદ્ધ દેશ ગણાય છે. તેમ ભારતદેશ પણ ભૂતકાળમાં સમૃદ્ધ જ ગણાતો. જ્યાં ઢાકાની મલમલ વખણાતી, પાટણનાં પટોળાંની ભાત જોઇને આજે પણ પરદેશીઓ મોમા આંગળા નાખી જાય, જામનગરની બાંધણી, કાશ્મીરનું ઊનનું કામ, તાંબા પિત્તળના વાસણો પરનું કોતરણી કામ, બનારસી સાડીઓ, આવી કળા અને કારીગરી દેશને ગામડે ગામડે પથરાયેલી હતી અને તેને ટકાવી રાખવા કારીગરો હૃદય રેડી દેતા હતા. આજે એ બધી કળાઓ સ્પર્ધા અને પૈસા કમાવવાના સાધન બની જવાથી મૃતઃપ્રાય થઇ ગઇ છે. કળા પ્રત્યેની લોકોની ઉદાસીનતા પણ ખરી. આમ કલ્પવૃક્ષ એ આપણો કર (હાથ) જ છે. જેના વડે ધારીએ તે મેળવી શકીએ એમ છીએ. માત્ર પ્રારબ્ધને ભરોશે નહીં પરંતુ પુરૂષાર્થ એજ સમૃદ્ધિનું જીવનમંત્ર સદાય વણી લઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ઋષભદેવ સ્વામી

શાહ પારૂલબેન જીતેન્દ્રકુમાર

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરૂં છું.

જે આ અવસર્પિણી કાળમાં પ્રથમ નરેશ્વર, પ્રથમ યતેશ્વર, અને પ્રથમ જિનેશ્વર થયા છે.

પ્રભુ જ્યારે નરેશ્વર પણામાં હતા ત્યારે જગતમાં જીવોને આ જીવિકા નિર્વાહ ચલાવવા માટે અસિ, મસિ અને કૃષિ કર્મની કળા બતાવી ઘોર હિંસાથી બચાવ્યા,

અસિ એટલે હથિયાર તે કેવી રીતે વાપરવા. વિશ્રામ માટે મકાનો, વસ્તુ રાખવા સાધનો, રસોઇ બનાવવા તથા પાણી રાખવા વાસણો વિ. વસ્તુઓની ઉદ્યોગ કળા શીખવી.

મસિ એટલે અક્ષર તથા આંકડાજ્ઞાન, અક્ષરજ્ઞાનથી શાસ્ત્રજ્ઞાન થાય એટલે ધર્મ, અધર્મનું તથા સંસાર વ્યવહાર કુશળતાનું જ્ઞાન થાય. આંકડા જ્ઞાનથી ગણિતજ્ઞાન થાય એટલે વ્યાપાર કુશળતાનું જ્ઞાન થાય.

કૃષિ એટલે ખેતી જેનાથી અનાજ, કઠોળ, શાકભાજી, વગેરે દેહના નિભાવ માટે જરૂરિયાતી વસ્તુઓ પકવવાનું જ્ઞાન.

પ્રભુ જ્યારે યતેશ્વર પણામાં હતા ત્યારે જગતનાં લોકોને ભૂખ પરિસહ સમતા પૂર્વક સહન કરીને યતિઓને દાન આપવાની પ્રવૃતિ મૌન પણે રહીને સમજાવનાર પ્રથમ યતિ ધર્મ માર્ગ પ્રવર્તાવનાર.

જિનેશ્વપરણામાં કેવળજ્ઞાન પામી માતા મેરુદેવોને કેવળજ્ઞાન તથા મોક્ષપદની અધિકારિણી બનાવી. ગામોગામ વિચરી અનેક જીવોને ધર્મોપદેશ દ્વારા કર્મમાં જોડી મોક્ષ પંથની સન્મુખ કરનાર પરમ ઉપકારી શ્રી ઋષભદેવ પ્રભુને વંદન હો.

જૈન ધર્મ અત્યંત પ્રાચીન છે. તે અવિરત ચાલ્યો આવે છે. જીવોને સુખ મેળવી આપવામાં જૈનો મહાન ફાળો છે.તેવા આપણા ભારતવર્ષમાં પ્રથમ તીર્થપતિ થયા. આ વર્તમાન ચોવિસીનાં આદ્ય સ્થાપક પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ સ્વામી.

શ્રી વિમળવાહનની સાતમી પેઢીએ શ્રી નાભિકુલકર (યુગલિયા) થયા. તેમનાં પત્ની શ્રી મરૂદેવાજી હતા. એ માતાજીએ પુત્રના પુત્ર ને તેનાં પુત્ર એમ ચોસઠ હજાર પેઢીઓ જોઈ હતી. એવા સુખાવાસમાં આપણાં પ્રથમ તીર્થંકર ભગવાન અવતર્યા.

સંસાર જન્મ–મરણનાં પ્રવાહથી અવિરત ચાલ્યો આવે છે. તેવા અનંતના પ્રવાહને રોકવા, સંખ્યાબંધ આત્માઓને સંસારમાંથી મુક્ત કરવા, દુઃખ દાવાનલથી ઉગારવા, સુખ–શાંતિનો સાચો માર્ગ બતાવવા આ ધરતિ પર સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પાથરવા ફાગણ વદ ૮ ના મંગલ દિને સર્વોતમ મૂહૂર્તે, ૧૪ સ્વપ્નો સહિત તરણ–તારણ શ્રી ઋષભદેવ ભગવાન ૩૩ સાગરોપમનું દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી શ્રી મરૂદેવા માતાજીની કૂખે અવતર્યા.

આ ભારતભૂમિ ઉપર આવા પુણ્યવાન આત્માનો જન્મ થયો એટલે નારકીમાં સુખનું મોજું ફરી વળ્યું. ૫૬ દિક્કુમારિકાઓ પ્રભુભક્તિનો અમૂલ્ય લાહવો લેવા આવી ગઇ. પ્રભુનો જન્મોત્સવઉ જવવા ૬૪ ઇંદ્રો અને દેવદેવીઓ નાભિકુલકરનાં ગૃહે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યા અને માતાજીને વંદન કરી પ્રભુને મેરૂશિખર પર લઇ જવા આજ્ઞા માંગી.

ભગવાન તો મનુષ્ય થયા પણ દેવેન્દ્રો કરતાંય અધિક પુણ્યવાન હતા તેથી દેવોનાં પણ દેવ તેઓ વંદનીય બન્યા.

આપણી ઉત્તર દિશામાં આવેલા એક લાખ જોજન ઉંચા મેરૂપર્વત ઉપર શક્રેન્દ્ર પાંચ રૂપ કરી પ્રભુજીને લઇ ગયા. ત્યાં ખૂબ જ ઉમંગથી અઢીસો (૨૫૦) અભિષેક દ્વારા ઉત્તમ ઔષધિઓ સહિત, પવિત્ર નદીઓનાં અને ક્ષીર સમુદ્રનાં પાણી વિ. થી એક કરોડ સાઠ લાખ ( ૧,૬૦,૦૦ ૦૦૦ ) કળશાઓથી ભગવાનનો જન્મ સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો, આજે આપણે પણ તે ઉત્તમ પ્રસંગને યાદ કરીને દરરોજ સ્નાત્ર ભણાવીએ છીએ. અને પ્રભુજીને પક્ષાલ કરતી વખતે બોલીએ છીએ કે,

"મેરૂશિખર નવરાવે હો, સુરપતિ મેરૂશિખર નવરાવે !
જન્મકાળ જિનવરજી કો જાણી, પંચ રૂપ ધરી.
આવે હો? સુરપતિ મેરૂશિખર નવરાવે."

ઇક્ષ્વાકુ વંશના કુલ દીપક પ્રભુજીને જન્મથી જ ત્રણ જ્ઞાન હતા. આપણે તો મતિ અને શ્રુત એમ બે જ્ઞાનવાળા કહેવાઇએ. ત્યારે આ પ્રભુજીને ત્રીજું અવધિજ્ઞાન પણ હતું. તેઓનાં દિવ્યજ્ઞાન આગળ બીજા બધા અજ્ઞાની લોકો ઝાંખા જ પડી જતાં.

ભગવાન તો તે જ ભવમાં મોક્ષે જવાના હતાં. છતાં ભોગાવલી કર્મ ભોગવ્યા વિના છૂટકો ન હતો. પ્રભુજી મોટા થતા ગયા. એવામાં પ્રજાજનનાં આગ્રહથી નાભિરાજા એ ઋષભને શુભ દિવસે પરણાવવાનું નક્કી કર્યું. તેથી ઋષભજીના લગ્ન સુનંદા અને સુમંગળા નામની કન્યાઓ સાથે દેવેન્દ્રે કરાવ્યા અનુક્રમે સુમંગળાએ એક જોડલાને જન્મ આપ્યો. તેમનાં નામ ભરત અને બ્રાહ્મી રાખવામાં આવ્યા. સુનંદાએ પણ એક યુગલને જન્મ આપ્યો. તેમના નામ બાહુબલી અને સુંદરી. આ રીતે સુનંદાના ૯૮ અને સુમંગળાના બે એમ બધાય મળી પ્રભુજીના એક સો પુત્ર હતા.

યુગલિયાઓનો સમય પૂર્ણ થવા આવ્યો એટલે જીવન નિર્વાહ માટે ખેતી વ્યાપારની જરૂરત ઉભી થઇ. અનાજ ખેતીવાડી વિના થાય નહીં. લોકો ફળ–ફૂલથી પેટ ભરવા લાગ્યાં. તે પણ લાંબુ નભ્યું નહીં. કંટાળી ગયેલા લોકો નાભિકુલકર પાસે ગયા. પ્રજા પર ઉપકાર દ્રષ્ટિથી અવધિજ્ઞાની એવા શ્રી ઋષભદેવે અનાજ માટે ખેતીનાં રસ્તા બતાવ્યા.

ખેતી કરવા માટે બળદ જોડવામાં આવ્યા. બળદ ખેતરમાંથી અનાજ ખાવા લાગ્યાં. ત્યારે લોકોએ ઋષભજીને પૂછ્યું કે આ અનાજ તો રહેતું નથી હવે શું કરવું....? તો ઋષભજીએ જવાબ આપ્યો કે બળદનાં મોઢે શીકું બાંધી દો. તેથી તે અનાજ ખાઈ ન શકે. આ રીતે કરવાથી બળદને બાર દિવસ સુધી અનાજ ખાવા ન મળ્યું.

અનાજ પણ થવા લાગ્યું. પરંતુ તે કાચું ખાય કેમ....? હાથથી મસળીને પડીઆમાં પલાળીને ગરમાવો આપીને ખાવાનું બતાવ્યું. પણ આ બહુ સમય નભ્યું નહીં.

એક દિવસ સંઘર્ષણથી 'અગ્નિ' પેદા થયો. લોકોએ કોઇ દિવસ જોયેલો નહીં. તેથી તે બધા 'રાક્ષસ' 'ભૂત' સમજીને ભગવાનને કહેવા લાગ્યા. તો ખબર પડી કે એ તો અગ્નિ છે. માટીનાં વાસણો બનાવી એના પર અનાજ પકાવજો. પ્રજાની એવી અનેક મુશ્કેલીઓ દૂર કરવા ઉપકાર બુદ્ધિથી પુરૂષોની ૬૪ અને સ્ત્રીઓની ૭૨ કળાઓ સંસારી અવસ્થામાં પ્રભુએ બતાવી. દીક્ષા લીધા બાદ સંયમ પામીને તો સંસારનાં સર્વ કાર્યોને ત્યાગવાનો જ ઉપદેશ ભગવંતે આપ્યો હતો.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ લોકોમાં કજીઆ કલેશ વધતા ગયા. એટલે કોઇ રાજાની જરૂરત પડી. લોકોએ શ્રી નાભિરાજાને વિનવ્યા. તેઓએ જવાબ વાળ્યો આજથી ઋષભ તમારો રાજા થાઓ.

કોઇનાય આમંત્રણની રાહ જોયા વિના સૌ ધર્મેન્દ્ર દેવલોકમાંથી ધરતી પર આવ્યા. પ્રભુને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શણગારી સિંહાસન ઉપર રાજા તરીકે સ્થાપ્યા. લોકોએ આવીને પ્રભુની ચકચકિત રાજસભા જોઇને સૌ ચકિત થઇ ગયા. પ્રજા બહુ વિનીત હતી એટલે પ્રભુજીના પગમાં જમણા અંગૂઠે અભિષેક માટે લાવેલા પાણીથી પક્ષાલ પૂજા કરી. આથી ઇન્દ્રએ જાણ્યું કે પ્રજાજન બહુ જ વિનીત છે. એટલે ત્યાં એક નગરી વસાવી. એ નગરીનું નામ "વિનીતા" (અયોધ્યા) રાખ્યું. આ રીતે રાજાની પ્રથા શરૂ થઈ. એટલે શ્રી ઋષભદેવ પ્રથમ રાજા કહેવાયા.

ભગવાન ૩૦ લાખ પૂર્વે ગૃહવસ્થાવાસમાં રહ્યા. એ જ રીતે સંસાર સુખ ભોગવતાં ભોગવતાં ૮૩ લાખ પૂર્વ ભગવંતના ઘરવાસમાં પૂર્ણ થયો. સંસારનો ત્યાગ કરી તીર્થંકર થવાનો સમય આવ્યો જાણી પાંચમાં દેવલોકથી નવ લોકાંકિત દેવોએ આવીને ભગવંતને શાસન સ્થાપવાની વિનંતી કરી.

પ્રભુએ ભરત, બાહુબલિ વિ. ૧૦૦ પુત્રોને થોડું-થોડું રાજ્ય વહેંચીને સંવત્સરી દાન આપવાનું શરૂ કર્યું. સવારથી બપોર સુધીમાં ૧ કરોડ ૮ લાખ સોનામહોરોનું દાન આપતાં. એ રીતે એક વર્ષ સુધી તેઓના હાથે ૩૮૮ કરોડને ૮૦ લાખ સોનામહોરના અપાયેલા દાનથી પૃથ્વી ઋણ-રહિત બની ગઇ.

૮૩ લાખ વર્ષ ઘરવાસમાં વીતાવી ઘર, ધન, માલ, મિલ્કત, કુટુંબ, પુત્ર, પુત્રીઓનો વિશાળ પરિવાર છોડી ભગવાન દીક્ષા અંગીકાર કરવા આવ્યા. દેવેન્દ્રો સપરિવાર પ્રભુનો દીક્ષા કલ્યાણ મહોત્સવ ઉજવવા વિનીતા નગરીમાં આવ્યા. કોઇએ ન જોયેલી એવી દીક્ષા ભગવાન લેવાના હતા. પ્રભુ સુદર્શના નામની શિબિકામાં બેસી દીક્ષા લેવા નીકળ્યા. ફાગણ વદ આઠમના દિવસે પ્રભુએ દેવ-દેવીઓ, ઈન્દ્રો અને હજારો નરનારીઓની હાજરીમાં ચાર મુષ્ઠીએ લોચ કરી દીક્ષા ગ્રહણ કરી.

પ્રભુની સાથે કચ્છ-મહાકચ્છ આદિ ૪૦૦૦ રાજાઓએ પણ દીક્ષા લીધી હતી. દીક્ષા લેતાં જ પ્રભુને ચોથું મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. અને રોજ ને રોજ ભગવાનનો અંતરનો જ્ઞાન પ્રકાશ વધતો જ ગયો.

દીક્ષા લીધા પછી ભગવાન ગામો ગામ વિચરે છે. પણ સંયમી એવા પ્રભુને કેમ વહોરાવવું એ વિધિને તે વખતે કોઇ જાણતું ન હતું. કરેલાં કર્મ કોઈને છોડતાં નથી. પછી ભલેને તીર્થંકર પણ હોય! સંસારીમાં પ્રભુએ બાર દિવસ સુધી બળદને શીકું બાંધી રાખી રાખ્યું હતું. તેથી અત્યારે પ્રભુને બાર મહીના સુધી ગોચરી મળતી નથી. એમ એક વર્ષ વીતી ગયું.

એવામાં વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર પધાર્યા. તે વખતે બાહુબલીના પુત્ર સોમપ્રભ ત્યાંના રાજા હતા. અને તેમનાં પુત્ર શ્રેયાંસકુમાર યુવરાજ તરીકે હતાં. નગરીમાં પ્રભુ પધાર્યા તે રાત્રિએ સોમપ્રભ રાજા, શ્રેયાંસકુમાર તથા સુબુદ્ધિ શ્રેષ્ઠી એ ત્રણેયને જુદાં જુદાં ત્રણ સ્વપ્નો આવ્યા હતા. તેથી એ ત્રણેયને લાગ્યું કે "આજે અમને કોઈ મહાન લાભ થશે."

પ્રભુને જોઈ નગરજનો એમ કહેતા હે પ્રભુ અમારા અલંકારો, વસ્ત્રો, રથ વિ. કોઇપણ સ્વીકારો. પણ તે સર્વનો અસ્વીકાર કરતાં. સંસારી અવસ્થામાં પ્રભુએ કદી અનાજ ચાખ્યું ન હતું. દેવતાઓ જ કલ્પવૃક્ષનાં ફળો લાવી આપતાં. હવે તે દેવોનું વહોરાવેલું પણ ન ખપે. તેથી પ્રભુ ઘરે ઘરે ફરવા લાગ્યા. એટલામાં ભગવાનનાં સંસારી પ્રપૌત્ર શ્રેયાંસ-કુમારે પ્રભુજીને માર્ગમાં જોયા "મેં આવો વેશ ક્યાંય જરૂર જોયો છે" એમ શ્રેયાંસકુમારને જાતિ-સ્મરણ જ્ઞાન થયું.

આમ શ્રેયાંસકુમાર જ્ઞાન દ્વારા બધું જાણી રાજમહેલમાં પાસે જ શેરડીના રસથી ભરેલા ઘડા પડયા હતા તે જોઈ વિનંતી કરી. હે ભગવાન આ રસ કલ્પે તેવો છે આપ ગ્રહણ કરો. પ્રભુજીએ નિર્દોષ આહાર જાણી અંજલી જોડી હસ્ત રૂપી પાત્ર તેની આગળ ધર્યું. પ્રભુજીના ખોબામાં ૧૦૮ ઘડા સમાઇ ગયા, એક છાંટો પણ નીચે પડયો નહીં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીક્ષા લીધા પછી એક વર્ષને લગભગ દોઢ મહિને ભગવાને પ્રથમ પારણું કર્યું. દેવતાઓએ ઉદ્‌ઘોષણાપૂર્વક 'પંચદિવ્ય' પ્રગટાવ્યા. પ્રભુના આ મહાન તપ અને પારણાના ઐતિહાસિક અને પવિત્ર દિવસની સ્મૃતિમાં આજે ઘણાં ઉત્તમ આત્માઓ 'વર્ષીતપ' નામનું મહાનતપ કરે છે.

ભગવાનના દીક્ષા કલ્યાણ દિન ફાગણ વદ ૮થી શરૂ કરી લગભગ તેર મહીના અને તેર દિવસ સુધી એક ધાર્યું ઉપવાસ તથા બેસણાનું અખંડિત તપ કરી વૈશાખ શુદ ૩ અખાત્રીજના દિવસે એની પૂર્ણાહુતિનું પારણું કરવામાં આવે છે.

ભગવંતે તો હસ્તિનાપુર નગરીમાં વર્ષીતપનું પારણું કર્યું હતું. આજે લોકો શ્રી શેત્રુંજય મહાતીર્થમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની નિશ્રામાં કરે છે. આ તીર્થ ઉપર શ્રી ઋષભદેવ પૂર્વ નવ્વાણુંવાર ઘેટીની પાગેથી ફાગણ શુદ આઠમે સમોસર્યા હતાં.

ગામે ગામ વિહાર કરતાં કરતાં પ્રભુ અયોધ્યા નગરીનાં પુરિમતાલ પરામાં પધાર્યા. ચારેય ઘાતી કર્મોની આત્માથી અળગા થવાની તૈયારીના સમયે અઠ્ઠમનું તપ કરી મહા વદ ૧૧ ને દિને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી હવે પ્રભુ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનાં સ્વરૂપને જાણનારા ત્રિકાળજ્ઞાની થયા.

કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા દેવ-દેવીઓ ભરતક્ષેત્રમાં આવ્યા. પ્રભુની વૈરાગ્યમય દેશના સાંભળવા દેવેન્દ્રે ત્રણ ગઢયુક્ત સમવસરણ રચ્યું. કેવળજ્ઞાન પ્રાપ્તિના શુભ સમાચાર ભાવિ ચક્રવર્તિ શ્રી ભરત મહારાજાને મળ્યા. તેથી મરૂદેવા માતાને હાથી પર બેસાડી ભરત મહારાજા પ્રભુજીના વંદનાર્થે ગયા.

મરૂદેવા માતાજીએ પ્રભુજીની દીક્ષા બાદ પુત્રના મોહથી રડવામાં દિવસો ગુમાવ્યા હતા. તેથી તેમની આંખે છારીના પડલ આવ્યા હતા. તેઓ ભરતજીને રોજ કહેતાં કે ભરત તું તારા પિતાની કેમ ખબર લેતો નથી. જંગલમાં ટાઢ તડકામાં તેનું શું થતું હશે....? આવા વચન હંમેશા ભરતજી સાંભળી લેતા. પણ સમવસરણની નજીક આવતાં જ ભરતજીએ કહ્યું "દાદી, ત્રણ લોકના નાથ એવા આ ભગવાનની સહાયબીઓ જુઓ" તેઓ દેવેન્દ્ર રચીત ૨૦ હજાર પગથિયા ઊંચે ઊંચા સમવસરણમાં રત્નમય સિંહાસન ઉપર બેઠા છે. ભગવાન તો અનંતા સુખના ભોક્તા છે.

ભરતજીનાં આવા વચનો સાંભળી જેમ પાણીનાં પ્રવાહથી કાદવ દૂર થાય તેમ માતાજીની આંખ ઉપરના છારીનાં પડલ ખસી ગયાં. પુત્રની આવી અપાર ઋદ્ધિ-સિદ્ધિ જોઇ વિચારમાં પડ્યાં કે "આવા સુખી પુત્ર માટે હું નકામી ચિંતા કરતી હતી." આવી એકત્વ ભાવના ભાવતાં ભાવતાં માતાજીને ત્યાંને ત્યાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં જ આયુષ્ય પૂર્ણ થવાથી ભગવંતની પહેલાં જ મોક્ષે ગયાં.

પ્રભુનો ઉપદેશ સાંભળવા દેવ-દેવીઓ, પશુઓ, રાજા, પ્રજા અને ભરતજી પણ સપરિવાર બેસતા. ભગવંતે ઉપદેશ આપ્યો કે, "હે ભવ્ય જીવો" અનાદિ કાળના શત્રુ સમાન પાંચ પ્રમાદને વશ પડેલો જીવ તત્ત્વાતત્ત્વને જાણતો નથી. સુખદુઃખની પ્રાપ્તિ તો પોતાના કરેલા પુણ્ય-પાપના ઉદયના બળથી જ થાય છે. સમતાપૂર્વક સુખ-દુઃખ ભોગવવામાં જ ખરી શાંતિ છે. માટે ગુણાનુરાગી, સદાચારી અને સંયમી બનવું એ જ હિતકારી છે.

સંયમ અને મોક્ષની પ્રવૃત્તિ એ જ સદ્‌ વ્યાપાર છે એમ સમજી ભગવાનની સંયમી જીવનની છાયા પામીને સંખ્યાતા મનુષ્યો મોકાની આરાધના કરવા લાગ્યા હતા.

ભરત મહારાજા ચક્રરત્નની પૂજા કરીને છ ખંડનો વિજય મેળવતાં મેળવતાં ૬૦ હજાર વર્ષ સુધી પરિભ્રમણ કરી પાછા ફર્યા. તો પણ ચક્રરત્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવેશ કરતું નથી. તેથી પોતાના ૯૯ ભાઇઓને પોતાની આજ્ઞામાં આવવા બોલાવ્યા. ૯૮ ભાઇઓ શ્રી ઋષભદેવ ભગવાનને પૂછવા ગયા કે અમારે લડવું કે શરણે થવું....? ભગવાને ઉપદેશ આપ્યો કે લડવું હોય તો ભાઇની સાથે લડવા કરતાં કર્મશત્રુ સાથે જ લડો. આ ઉપદેશ સાંભળી ૯૮ ભાઇઓ ભરતજીને રાજ્ય સોંપી કર્મ સાથે લડવા દીક્ષા લીધી.

હવે માત્ર બાહુબલીજી રહ્યા. તેઓ સાથે ૧૨-૧૨ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું છેવટે કાંઇ નિર્ણય ન થવાથી બેઉ ભાઇઓની વચ્ચે પાંચ જાતનાં યુદ્ધ કરવાનું નક્કી થયું. એ યુદ્ધ કરતાં મુષ્ટિયુદ્ધ વેળા છેલ્લી ક્ષણે બાહુબલીજીની ભાવના બદલાઈ ગઈ. પિતાતુલ્ય મોટાભાઇને માથે પ્રહાર કરવો એ ઉચિત ન કહેવાય એમ વિચારી ઉગામેલી મુઠ્ઠીથી તે જ ક્ષણે માથાના વાળનો લોચ કરી સર્વનો ત્યાગ કરી દીક્ષા લીધી.

દીક્ષા લીધેલા ૯૮ નાના ભાઇઓને વંદન કરવું પડે તેથી 'કેવળી થઇને જ પ્રભુ પાસે જવું ?'' એમ નિર્ણય કરી કાઉસ્સગ ધ્યાને રહ્યાં. એક વર્ષથી તે કાઉસ્સગમાં હતા ત્યાં એક દિવસ તેની બે બહેનો સાધ્વી બ્રાહ્મી અને સુંદરી પ્રભુની આજ્ઞાથી ભાઇને પ્રતિબોધવા લાગી હે ભાઈ! અભીમાનરૂપી હાથીથી નીચે ઉતરો. તે વિના કેવળજ્ઞાન કેમ થશે ? બહેનના વચન સાંભળી પોતાની ભૂલ સમજાઈ અને પ્રભુ પાસે ક્ષમા માંગવા પગ ઉપાડયો કે તરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા પછી એક લાખ પૂર્વ સુધી ધર્મનો ઉપદેશ આપ્યો. નિર્વાણ સમય નજીક આવતા પ્રભુ અષ્ટાપદ મહાતીર્થ પહોંચ્યા તેઓની સાથે ૧૦હજાર મુનિઓએ પણ છ ઉપવાસની તપશ્ચર્યા સાથે અનશન વ્રત કર્યું. પોષ વદ ૧૩ના દિવસે સંસાર પરિભ્રમનો અંત કરીને જ્યાં શાશ્વત સુખ છે એવી મુક્તિપુરીમાં ગયા. પ્રભુ ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી સમાધિપૂર્વક નિર્વાણ પામ્યા.

પ્રભુજીની કાયા ૫૦૦ ધનુષ્યની હતી. પ્રભુના પ્રથમ ગણધર શ્રી પુંડરિક સ્વામી હતા. પ્રભુનો નિર્વાણોત્સવ ઉજવવા ૬૪ દેવેન્દ્રો આવ્યા હતા. ભરત મહારાજાદિ પણ આવ્યા હતા. આનંદથી સૌએ નિર્વાણ કલ્યાણક ઉજવ્યું. પ્રભુ ને ૯૮ પુત્રો મળી ૧૦૮ એક સાથે મોક્ષે ગયા.

પોતે દુ:ખી નહીં, છતાં અન્ય દુ:ખી આત્માઓને દુ:ખમાંથી ઉગારવાની તમન્ના રાખનાર પોતે તો સંસારથી તરી જવાના તેમ બીજાઓને પણ તરવાનો માર્ગ બતાડનારા! દયાનો દરિયો! ધર્મનો આરીસો! અનંત ગુણોનો એ ભંડાર. એ ઋષભદેવ પ્રભુજી.

ભગવાન મૂળનાયક હોય એવા ઘણાં તીર્થો આ ભારતભૂમિ પર છે. તેનાં મુખ્ય શ્રી શત્રુંજયગિરિનું આજે ખૂબ જ મહત્વ છે. ૧૫કર્મભૂમિમાં બાકીની ૧૪ ભૂમિમાં આવું કોઈ તીર્થ નથી. ત્યાં બિરાજમાન એ પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાન જીવ માત્રનું કલ્યાણ કરો. આદિનાથ ભગવંતને કોટિ કોટિ નમસ્કાર હો....

# સ્વર્ગવાસ નોંધ

**શ્રી ગીરધરલાલ મગનલાલ મોતીવાળા** સંવત ૨૦૪૫ના પોષ વદ ૧૨ તા. ૩-૨-૮૯ને શુક્રવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ. સભાના આજીવન સભ્ય હતાં, ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતાં, તેમના કુટુંબ પર આવી પડેલ દુ;ખમાં અમો સમ્વેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાકૃત સુભાષિતો

અવયારપરે વિ પરે કુણંતિ ઉવયારમુત્તમા નૂણં,
સુરહેઈ ચંદણદુમો પરસુમુખં છિન્નમાણો વિ. ૧

ઉત્તમ પુરૂષો અપકાર કરનાર પર પણ ઉપકાર કરે છે. ચંદનના વૃક્ષને કાપવામાં આવે તો પણ કુહાડાના મુખને સુગંધિત બનાવે છે.

મિત્તી પરોવયારો સુસીલયા અજ્જવં પિયાલવણં,
દક્ખિણ વિણયચાયા સુયણાણ ગુણા નિસગ્ગેણ. ૨

મૈત્રી; પરોપકાર, સદાચાર, કોમળતા. પ્રિયવચન, ઉદારતા, વિનય આ ગુણો સજ્જન માણસોમાં સ્વાભાવિક જ હોય છે.

ઉદયમ્મિ વિ અત્થમણે વિ ધરઇ રત્તત્તણં દિવસનાહો,
રિદ્ધિસુ આવઈસુઅ તૂલ્લચ્ચિય ણૂણ સપ્પુરિસા. ૩

સૂર્ય ઉદય સમયે તેમજ આથમતી વખતે લાલાશ ધારણ કરે છે. સંપત્તિમાં અને આપત્તિમાં સત્પુરુષો ખરેખર સમાન વર્તનવાળા હોય છે.

ખીરં પિવ હંસા જે ધુટ્ટન્તિ કેવલં સમિદ્ધગુણે,
દોસે વિવજ્જયંતા તે જાણ સુજાણએ પુરિસે. ૪

હંસ જેમ દૂધ અને પાણીમાંથી દૂધ છૂટુ પાડી ગ્રહણ કરે છે, તેમ જે લોકો દોષને ત્યાગ કરીને સદ્ગુણો ગ્રહણ કરે છે તેને જ્ઞાની માણસ જાણવો.

અલસાયંતેણ વિ સજ્જણેણ જે અક્ખરા સમુલ્લવિયા,
તે પત્થરેસુ ટંકુલ્લિહિયાવ ન હુ અન્નહા હુંતિ. ૫

સજ્જનો વડે આળસમાં બોલાયેલ વચનો તેમજ તે પત્થરો ઉપર ટાંકણાથી લખાયેલા અક્ષરોની જેમ કદી નિરર્થક જતા નથી, અર્થાત્ ખોટા પડતા નથી.

જેણ પરો દુભિજ્જઇ પાણિવહો જેણ તાણિએણં,
અપ્પા પડઈ કિલેસે ન હુ તં જંપંતિ ગીયત્થા. ૬

જે બોલવાથી બીજા દુભાય અને જેનાથી પ્રાણીનો વધ થાય અને આત્મા કલેશમાં પડે તેવું વચન ગીતાર્થ પુરૂષો બોલતા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાલોચના

શાસન પ્રગતિ – સચિત્ર જૈન તત્ત્વજ્ઞાન વિશેષાંક : તંત્રી શ્રી મનહરલાલ બી. મહેતા ડીસે.-જાન્યુ. ૧૯૮૮—૮૯ વર્ષ ૧ અંક ૧૦/૧૧

શાસન પ્રગતિ માસિકનો આ અંક ખાસ જૈન તત્ત્વજ્ઞાન વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવ્યો છે, તેમાં ચિત્ર દ્વારા ચાર ગતિ, જીવોના ૫૬૩ ભેદ, નવ તત્ત્વ, ચૌદ રાજલોક, છ લેશ્યા જેવા ગહન વિષયોને સમજવા માટે સરળ બનાવવામાં આવ્યા છે. તે જ વિષયોને પ્રશ્નોત્તરી સ્વરૂપે વધુ સરળ બનાવ્યા છે. તત્ત્વજ્ઞાન સમજાવવાનો આ તરીકો સ્તુત્ય છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે આ અંક ઘણો ઉપયોગી છે.

# —: શિષ્યવૃત્તિ :—

ભાવનગર જૈન શ્વે, મૂ૦ સંઘમાંથી જરૂરિયાતવાળા કોલેજમાં ભણતા ૧૩ વિદ્યાર્થીઓને બીજા ટર્મની ફી ભરવા માટે કુલ રૂા, ૨૧૦૦/–ની શિષ્યવૃત્તિ આ સભા તરફથી આપવામાં આવેલ છે,

# સમાચાર

માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,

સહર્ષ જણાવવાનું કે સંવત ૨૦૪૫ ના મહા વદ ૧૨ને રવીવાર તા. ૫-૩-૮૯ ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા જવાનું છે. નીચેના સદ્‌ગૃહસ્થો તરફથી ગુરુભક્તિ તેમજ સ્વામી ભક્તિ કરવામાં આવશે.

(૧) શ્રી વનમાળીદાસ ગોરધનદાસ સહપરિવાર
(૨) શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત તથા હસુમતીબેન પોપટલાલ સલોત
(૩) શ્રી ખીમચંદ પરશોત્તમ બારદાનવાળા તથા તેમના ધર્મપત્ની હરકોરબેન જેરાજભાઇ
(૪) સ્વ. હઠીચંદ ઝવેરચંદના ધર્મપત્ની સ્વ. હેમકુંવરબેન હ. ભુપતરાય નાથાલાલ
(૫) સલોત કાન્તીલાલ રતીલાલની સુપુત્રી કુમારી વનિતાબેન કાન્તીલાલ સલોત

આપશ્રીને મહા વદ બારસે પાલીતાણા પધારવા આમંત્રણ છે.

તા. ક. : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઈ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની એક ગેસ્ટની ફી રૂા. ૧૫-૦૦ લેવાનું નક્કી કરેલ છે.

For Private And Personal Use Only

Atmanand Prakash Regd, No. G, BV. 31

# વ્યવહાર–નિશ્ચય

જો શ્રી જિનમતને અંગીકાર કરવાની ઇચ્છા હોય, તો વ્યવહાર–નિશ્ચય બેમાંથી એકેયને છોડી શકાય નહિ. વ્યવહારને છોડવાથી તીર્થ જાય છે અને નિશ્ચયને છોડવાથી તત્ત્વ જાય છે.

વ્યવહાર એટલે પર.
નિશ્ચય એટલે સ્વ.

પરમાં શ્રી તીર્થંકર, ગણધર, ચતુર્વિધ શ્રીસંઘ, દ્વાદશાંગી, શ્રી જિન પ્રવચન આદિ રત્નત્રયનાં સાક્ષાત્ સાધનો અને ત્રૈલોકયવર્તી વિશ્વ એ પરંપર સાધન.

'ઉપકૃતને પણ ઉપકારી માનવા, ઉપસર્ગ કરનારને પણ સહાયક ગણવો.' વગેરે વચનો સમગ્ર વિશ્વને તત્ત્વથી તીર્થ ગણવા સૂચવે છે. શત્રુ, મિત્ર, ઉદાસીન ત્રણે પ્રત્યે તીર્થબુદ્ધિ ધારણ કરવી. શત્રુ કર્મક્ષયમાં સહાય કરવા દ્વારા સહાયક થાય છે. આથી "**परस्परोपग्रहो जीवानां**" એ સૂત્ર સ્પષ્ટ થાય છે.

ઉપકારી તો ઉપકારી છે જ. પણ અપકારી પણ ઉપકારી છે– એમ ન માનીએ ત્યાં સુધી તારનારા ધર્મની પરિણતિથી વંચિત રહેવાય છે.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.